* A A V - 0 0 2 - 0 0 1 2 1 2 *

AAV-002-001212 **Seat No. ______**

B. Com. (Sem. II) (CBCS) Examination

April / May - 2016

Accounting & Finance - II

(New Course)

Faculty Code : 002
Subject Code : 001212

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

સૂચના : (1) પ્રશ્ન 1 MCQ પ્રકારનો પ્રશ્ન છે.
(2) પ્રશ્ન - 2 થી 5 વિસ્તારપૂર્વકના પ્રશ્નો છે.

1 બહુવિકલ્પી પ્રશ્નો : **20**

(1) જ્યારે સોલિસિટરની પેઢીમાં નવા ભાગીદારને પ્રવેશ આપવામાં આવે ત્યારે ....

(A) હિસાબો વેપારી ધોરણે તૈયાર કરવા જરૂરી છે.

(B) હિસાબો રોકડના ધોરણે તૈયાર કરવા જરૂરી છે.

(C) હિસાબો તૈયાર કરવા જરૂરી નથી.

(D) ઉપરમાંથી એકપણ નહી

(2) કયા સંજોગોમાં સોલિસિટર હિસાબો રોકડનાં ધોરણે રાખે છે ?

(A) વર્તમાન પરિસ્થિતિ યથાવત્ જળવાઈ રહે ત્યારે

(B) પાઘડીના મૂલ્યાંકન સમયે

(C) નવા ભાગીદારને પ્રવેશ આપતા સમયે

(D) ઉપરમાંથી એકપણ નહી

(3) ઓફિસ ખર્ચ રૂ. 24,000 છે. અસીલો વતી કરેલ રૂ. 2,000નો ખર્ચ ભૂલથી ઓફિસ ખર્ચમાં સમાયેલ છે તથા ઓફિસ ખર્ચનાં રૂ. 6,000 ભૂલથી અસીલોનાં પરચૂરણ ખર્ચ ખાતાવહીમાં લખાયેલ છે. ન.નુ. ખાતે ઓફિસ ખર્ચની કેટલી રકમ ઉધારવી જોઈએ ?

(A) રૂ. 18,000 (B) રૂ. 22,000

(C) રૂ. 20,000 (D) રૂ. 28,000

(4) તા. 1-4-2010થી એક આર્ટિકલ્ડ ક્લાર્કને રૂ. 27,000ના પ્રીમિયમથી ત્રણ વર્ષ માટે તાલીમ અર્થે રાખેલ છે. તા. 31-3-2011ના નફાનુકસાન ખાતે જમા લેવાની અને સરવૈયામાં દર્શાવવાની રકમ કેટલી ?

(A) રૂ. 9,000 અને રૂ. 9,000

(B) રૂ. 9,000 અને રૂ. 18,000

(C) રૂ. 18,000 અને રૂ. 9,000

(D) રૂ. 18,000 અને રૂ. 18,000

(5) પેટારોકડની શરૂઆતની બાકી રૂ. 500, આખરની બાકી રૂ. 350 અને મુખ્ય ઓફિસેથી મળેલા પેટારોકડ રૂ. 250 હોય તો પરચૂરણ ખર્ચ કેટલા રૂપિયા થયો હશે ?

(A) રૂ. 400 (B) રૂ. 600

(C) રૂ. 350 (D) રૂ. 250

(6) મુખ્ય ઓફિસે મોકલેલ પણ શાખાને હિસાબી વર્ષ પૂરું થતાં સુધીમાં નહી મળેલા માલને શું કહેવાય ?

(A) માર્ગસ્થ રોકડ (B) માર્ગસ્થ માલ

(C) (A) અને (B) બંને (D) આમાંથી એક પણ નહિ

(7) શાખાએ કરેલ ઉધાર વેચાણ શોધવા કયું ખાતું તૈયાર કરવામાં આવે છે ?

(A) દેવાદારોનું ખાતું (B) લેણદારોનું ખાતું

(C) સ્ટોક ખાતું (D) પેટારોકડ ખાતું

(8) નીચેમાંથી કઇ માહિતી શાખા ખાતામાં આવશે નહિ ?

(A) ઉધાર વેચાણ (B) શરૂઆતનો સ્ટોક

(C) શાખાને મોકલેલ માલ (D) આખરની રોકડ સિલક

(9) શાખાને ભરતિયા કિંમતે માલ મોકલવામાં આવે ત્યારે ભરતિયા કિંમત અને મૂળકિંમત વચ્ચેના તફાવતની રકમ કયા ખાતે ઉધાર થશે ?

(A) સ્ટોક અનામત ખાતે (B) શાખા ખાતે

(C) નફા-નુકસાન ખાતે (D) શાખાને મોકલેલ માલ ખાતે

(10) એક મકાનનો 5 વર્ષ પહેલાનાં બાંધકામનો ખર્ચ રૂ. 3,20,000 હતો જે હાલ પુનઃસ્થાપના કરતાં રૂ. 5,00,000 કરવામાં આવ્યા છે. 5 વર્ષ પહેલાંની સરખામણીએ અત્યારે ભાવવધારો 50% છે. વધારાનું નવું બાંધકામ રૂ. 2,50,000ના ખર્ચે કરવામાં આવ્યું છે. તો મૂડી ખર્ચ કેટલો થશે ?

(A) રૂ. 4,00,000 (B) રૂ. 2,70,000

(C) રૂ. 3,50,000 (D) રૂ. 5,00,000

(11) એક બાંધકામની પડતરમાં માલ અને મજૂરીનું પ્રમાણ 5 : 3 હતું અને મજૂરી અને અન્ય ખર્ચનું પ્રમાણ 5 : 2 હતું, તો માલ અને અન્ય ખર્ચનું પ્રમાણ કેટલું હશે ?

(A) 25 : 6 (B) 15 : 9

(C) 15 : 5 (D) 25 : 9

(12) એક જૂના બાંધકામની પડતર રૂ. 9,00,000 હતી, જેમાં માલ અને મજૂરીનું પ્રમાણ 3 : 2 હતું. હાલમાં માલના ભાવમાં 20% અને મજૂરીના દરમાં 25% વધારો થયો હોય તો મહેસૂલી ખર્ચ કેટલો થશે ?

(A) રૂ. 11,07,000 (B) રૂ. 10,98,000

(C) રૂ. 9,00,000 (D) રૂ. 2,07,000

(13) માલસામાનના ભંગારની વેચાણ ઉપજ .... ઉધાર કરવામાં આવે છે.

(A) મૂડી ખર્ચ ખાતે (B) બેંક ખાતે

(C) નફા-નુકસાન ખાતે (D) પુનઃસ્થાપના ખાતે

(14) જૂની મિલકતની નવી કિંમત એટલે -

(A) જૂની કિંમત + મૂડી ખર્ચ

(B) જૂની કિંમત + નવી કિંમત

(C) જૂની કિંમત + માલસામાન અને મજૂરી ખર્ચમાં થયેલ વધારો

(D) આમાંથી એક પણ નહિ

(15) નાના ધંધા માટે કયા પ્રકારની શેરમૂડીમાળખું અનુકૂળ ગણાય ?

(A) માત્ર ઇક્વિટી શેરનું મૂડીમાળખું

(B) ઇક્વિટી શૅર અને પ્રેફરન્સ શૅરનું મૂડીમાળખું

(C) માત્ર પ્રેફરન્સ શૅરનું મૂડીમાળખું

(D) આમાંથી એક પણ નહિ

(16) આ આદર્શ મૂડીમાળખાનું લક્ષણ નથી ....

(A) આવકની ખાતરી (B) સરળતા

(C) તરલતા (D) સમતુલા

(17) મૂડીમાળખાના કેટલા પ્રકાર છે ?

(A) 2 (B) 4

(C) 6 (D) 5

(18) ડિબેન્ચર પડતરની ગણતરીમાં નીચેનામાંથી કઇ બાબત ધ્યાનમાં લેવામાં આવતી નથી ?

(A) વ્યાજ (B) પરત મૂલ્ય

(C) ડિવિડન્ડ દર (D) આમાંથી એક પણ નહિ

(19) કઇ પડતર ભવિષ્યની પડતરનું અનુમાન કરવામાં માર્ગદર્શક છે ?

(A) સીમાંત પડતર (B) સરેરાશ પડતર

(C) ભવિષ્યની પડતર (D) આમાંથી એક પણ નહિ

(20) ઇક્વિટી ભંડોળની પડતર દેવાં ભંડોળની પડતર કરતાં કેવી હોય છે ?

(A) વધુ (B) ઓછી

(C) સમાન (D) શૂન્ય

2 સોલીસીટર રમેશનું તા. 31-3-2015ના રોજનું કાચું સરવૈયું નીચે મુજબ છે. તે પરથી તેના વાર્ષિક હિસાબો તૈયાર કરો. **15**

ઉધારબાકી	રકમ	જમાબાકી	રકમ
લાઇબ્રેરી પુસ્તકો	30,000	મૂડી	50,000
ઓફિસ સાધનો	45,000	બાકી ફી અનામત	
ઓફિસ મકાન	75,000	(તા. 1-4-2014)	16,000
ઓફિસ ખર્ચાઓ	30,000	ફીના બિલો	1,96,000
પગાર અને ભથ્થાઓ	25,000	શિખાઉ ઉમેદવારનું પ્રીમિયમ	
બેંક સિલક :		(તા. 1-4-2014થી	
ઓફિસ	18,000	બે વર્ષ માટે)	10,000
અસીલ	12,000	ચૂકવવાનો બાકી પગાર	6,000
રોકડ સિલક	3,000		
ફી અંગેના દેવાદારો	25,000		
અસીલોના પરચૂરણ ખર્ચા	15,000		
	2,78,000		**2,78,000**

વધારાની માહિતી :

(1) અસીલો પાસેથી રૂ. 6,000 એડવાન્સ ફી મળેલ છે. જેનો સમાવેશ ફીના બિલોમાં થયેલ છે.

(2) ઓફિસ ખર્ચા રૂ. 1,000નો સમાવેશ ભૂલથી અસીલોના પરચૂરણ ખર્ચામાં થયેલ છે.

(3) મૂડી પર 20% વ્યાજ ગણવાનું છે.

(4) પુસ્તકો, ઓફિસ સાધનો અને ઓફિસ મકાન પર 10% ઘસારો ગણો.

અથવા

2 ઈના, મીના અને ડીકા સમાન પ્રમાણમાં નફોનુકસાન વહેંચી લેતા સોલીસીટરની પેઢીના ભાગીદારો છે. તા. 31-3-2015ના રોજનું તેમની પેઢીનું કાચું સરવૈયું નીચે મુજબ છે. તે પરથી તેના વાર્ષિક હિસાબો તૈયાર કરો : **15**

ઉધાર બાકી	રકમ	જમાબાકી	રકમ
ઉપાડ	55,000	મૂડી	2,40,000
ફર્નિચર	40,000	બાકી ફી અનામત	
મોટરકાર	1,50,000	(તા.1-4-2014)	27,900
લાઈબ્રેરી પુસ્તકો	50,000	ફીના બિલો	2,85,000
ફી અંગેના દેવાદારો	90,000	શિખાઉ ઉમેદવારનું પ્રીમિયમ	
બેંક સિલક :		(તા. 1-4-2014થી	
ઓફિસ	30,550	બે વર્ષ માટે)	10,000
અસીલ	10,450	અસીલો પાસેથી ખર્ચના	
રોકડ સિલક	1,500	એડવાન્સ મળેલ	20,000
મોટરકારના ખર્ચા	20,000		
પગાર	75,900		
ઓફિસ ભાડું	30,000		
ઓફિસ ખર્ચા	29,500		
	5,82,900		**5,82,900**

વધારાની માહિતી :

(1) અસીલ વતી કરેલ ખર્ચ રૂ. 2,000 ભૂલથી ઓફિસ ખર્ચ ખાતે ઉધારેલ છે.

(2) ઈના, મીના અને ડીકાની મૂડીનું પ્રમાણ 5:4:3 છે.

(3) મોટરકાર, લાયબ્રેરી પુસ્તકો અને ફર્નિચર પર અનુક્રમે 20%, 15% અને 10% ઘસારો ગણવાનો છે.

(4) ઈના, મીના અને ડીકાનું ઉપાડનું પ્રમાણ 5:4:2 છે.

3 મારૂતી સ્ટોર્સને એક શાખા વાંકાનેરમાં છે. જે શાખાને મૂળ કિંમતે માલ મોકલે છે. શાખા રોકડ તથા ઉધાર વેચાણ કરે છે. શાખાને મળતી રોકડ દરરોજ મુખ્ય ઓફિસને મોકલે છે. શાખાના ખર્ચ મુખ્ય ઓફિસ ચૂકવે છે. નીચેની માહિતી પરથી શાખા ખાતું, શાખાનું વેપાર ખાતું, શાખાનું નફાનુકસાન ખાતું તથા અન્ય જરૂરી ખાતાં તૈયાર કરો : 15

તા. 1-1-2015ની બાકીઓ :

સ્ટોક	20,000
દેવાદારો	5,000
ફર્નિચર	50,000
પેટારોકડ	500

તા. 31-12-2015ની બાકીઓ :

સ્ટોક	7,000
પેટારોકડ	200

વર્ષ દરમિયાનના વ્યવહારો :

શાખાને મોકલેલ માલ	3,20,000
શાખાએ પરત કરેલ માલ	20,000
દેવાદારોએ પરત કરેલ માલ	5,000
દેવાદારો પાસેથી મળેલ રોકડ	80,000
ઉધાર વેચાણ	2,00,000
રોકડ વેચાણ	3,40,000
દેવાદારોને આપેલ વટાવ	500
માંડીવાળેલ ઘાલખાધ	400

શાખાના ખર્ચા :

ભાડું 4,000

પગાર 12,000

જાહેરાત ખર્ચ 3,000

મોકલેલ પેટારોકડ 700

આગથી નાશ પામેલ માલ 1,200

ફર્નિચરનો ઘસારો 20% ગણવો.

અથવા

3 રાજકોટના નયન ટ્રેડર્સની વડોદરામાં એક સ્વતંત્ર શાખા છે. તેનું તા. 31-3-2015ના રોજનું કાચું-સરવૈયું નીચે મુજબ છે. **15**

વિગત	**ઉધારબાકી**	**જમા બાકી**
શરૂઆતનો સ્ટોક	62,500	-
માલની ખરીદી અને વેચાણ	2,50,000	5,00,000
મુખ્ય ઓફિસેથી મળેલ માલ	1,87,500	-
ખરીદ પરત અને વેચાણ પરત	12,500	25,000
મુખ્ય ઓફિસનું ખાતું	-	1,25,000
દેવાદારો અને લેણદારો	75,000	50,000
રોકડ અને બેંક સિલક	62,500	-
પગાર	70,000	-
ભાડું	12,500	-
વટાવ	10,000	7,500
નૂર અને ભાડું	7,500	-
પરચૂરણ આવક	-	42,500
	7,50,000	**7,50,000**

વધારાની માહિતી :

(1) આખર માલ સ્ટોક રૂ. 1,25,000 હતો.

(2) તા. 28-3-2015ના રોજ મુખ્ય ઓફિસે શાખાને મોકલેલ રૂ. 25,000નો માલ શાખાને તા. 3-4-2015ના રોજ મળ્યો હતો.

(3) તા. 29-3-2015ના રોજ શાખાએ મુખ્ય ઓફિસને મોકલેલ રૂ. 12,500ની રોકડ મુખ્ય ઓફિસને તા. 2-4-2015ના રોજ મળી હતી.

(4) શાખાના ફર્નિચરનું ખાતુ મુખ્ય ઓફિસના ચોપડામાં રાખવામાં આવે છે. શાખાના ફર્નિચર પર રૂ. 5,000 ઘસારો માંડીવાળવાનો છે.

ઉપરની માહિતી પરથી વડોદરા શાખાના વાર્ષિક હિસાબો તૈયાર કરો.

4 એક કારખાનાના મકાનની પુનઃસ્થાપના કરવામાં આવી છે. તેની પડતર કિંમત રૂ. 12,00,000 હતી. તેની પુનઃ સ્થાપના રૂ. 25,47,000ની કિંમતે કરવામાં આવી છે. પડતરના ખર્ચમાં માલસામાન, મજૂરી અને અન્ય ખર્ચાનું પ્રમાણ અનુક્રમે 5:3:2 હતું. મૂળ બાંધકામ થયું હતું તેની સરખામણીમાં માલસામાન, મજૂરી અને અન્ય ખર્ચમાં અનુક્રમે 25%, 15% અને 10%નો વધારો થયો છે. રૂ. 50,000નો જૂનો માલસામાન, નવા બાંધકામમાં વપરાયો હતો જેનો ઉપર જણાવેલ રૂ. 25,47,000માં સમાવેશ થતો નથી. જૂના માલસામાનનું વેચાણ રૂ. 20,000માં કરવામાં આવ્યું હતું. **10**

મહેસૂલી અને મૂડી ખર્ચની ગણતરીઓ દર્શાવો તથા જરૂરી આમનોંધ લખો.

અથવા

4 મૂડી માળખાના પ્રકારોની વિસ્તારપૂર્વક ચર્ચા કરો. **10**

5 ટૂંકનોંધ લખો : (કોઈપણ **બે**) **10**

(1) મૂડી માળખાનું મહત્ત્વ

(2) મૂડી માળખાને અસર કરતાં પરિબળો

(3) રાખી મૂકેલ કમાણીની પડતર

(4) મૂડીની ભારિત સરેરાશ પડતર.

ENGLISH VERSION

Instructions : (1) Que.1 is MCQ type question.
(2) Que. No 2 to 5 are Descriptive type questions.

1 MCQ type questions : **20**

(1) When new partner enters in the solicitor's firm ....

(A) Accounts are prepared on mercantile basis

(B) Accounts are prepared on cash basis

(C) It is not necessary to prepare accounts

(D) None of the above

(2) In which circumstances solicitor keeps the accounts on cash basis ?

(A) Present situation is maintained without change

(B) At the time of valuation of goodwill

(C) When new partner admitted

(D) None of the above

(3) Office expenses are Rs. 24,000, expenses of Rs. 2,000 done on behalf of client was included in the above office expenses by mistake and Rs. 6,000 spent for office expenses was wrongly included in client's sundry expenses ledger. Which amount of office expenses should be debited to profit and loss account?

(A) Rs. 18,000 (B) Rs. 22,000

(C) Rs. 20,000 (D) Rs. 28,000

(4) An article clerk is admitted for three years training with a premium of Rs. 27,000 from 1-4-2010. What will be the amount credited to profit and loss account and carried to balance sheet of 31-3-2011?

(A) Rs. 9,000 and Rs. 9,000

(B) Rs. 9,000 and Rs. 18,000

(C) Rs. 18,000 and Rs. 9,000

(D) Rs. 18,000 and Rs. 18,000

(5) If the opening balance of petty cash is Rs. 500, closing balance is Rs. 350 and petty cash received from head office is Rs. 250, then what will be the amount of sundry expenses?

(A) Rs. 400 (B) Rs. 600

(C) Rs. 350 (D) Rs. 250

(6) For goods sent by head office, but not received by the branch before end of the year called....

(A) cash in transit (B) goods in transit

(C) (A) and (B) both (D) None of these

(7) Which account is to be prepared to ascertain sales on credit by branch?

(A) Debtor's account (B) Creditor's account

(C) Stock account (D) Petty cash account

(8) Which of the following information is not a part of Branch Account?

(A) Sales on credit

(B) Opening stock

(C) Goods sent to branch office

(D) Closing cash balance

(9) Which account is to be debited for reducing the invoice price of goods sent to branch at invoice price?

(A) Stock reserve account

(B) Branch account

(C) Profit and loss account

(D) Goods sent to Branch account

(10) A building which was built 5 years ago at the cost of Rs. 3,20,000 was replaced at the expense of Rs. 5,00,000 in this year. Cost has increased by 50% in comparison of 5 years ago. Additional new construction is made at the cost of Rs. 2,50,000. What will be the amount of capital expenditure?

(A) 4,00,000 (B) 2,70,000

(C) 3,50,000 (D) 5,00,000

(11) In a construction cost material and labour are in ratio of 5:3 and labour and other expenses are in ratio of 5:2. What will be the ratio between material and other expenses?

(A) 25:6 (B) 15:9

(C) 15:5 (D) 25:9

(12) The cost of an old construction was Rs. 9,00,000 in which material and labour were in proportion of 3:2. At present material cost increased by 20% and labour cost increased by 25%. What will be the amount of revenue expenditure ?

(A) Rs. 11,07,000 (B) Rs. 10,98,000

(C) Rs. 9,00,000 (D) Rs. 2,07,000

(13) An amount realized by selling of scrap material is debited to ....

(A) Capital expenditure account

(B) Bank account

(C) Profit and Loss account

(D) Replacement account

(14) New cost of old asset = ______

(A) Old cost + Capital Expenditure

(B) Old cost + New cost

(C) Old cost + Increase in materials and labour cost

(D) None of these

(15) Which type of capital structure is favourable for small business?

(A) Only equity share capital structure

(B) Equity and preference share capital structure

(C) Only preference share capital structure

(D) None of these

(16) This is not a characteristic of an ideal capital structure...

(A) Certainty of income (B) Simplicity

(C) Liquidity (D) Balanced

(17) How many total numbers of capital structures are there?

(A) 2 (B) 4

(C) 6 (D) 5

(18) What is not considered at the time of calculating cost of debenture?

(A) Interest

(B) Redemption value

(C) Dividend rate

(D) None of these

(19) Which cost does act as a guide for future cost estimation?

(A) Marginal cost (B) Average cost

(C) Future cost (D) None of these

(20) How is the cost of equity as compared to cost of debt ?

(A) More (B) Less

(C) Equal (D) Zero

2 Solicitor Ramesh's Trial balance as on 31-3-2015 is as following. Prepare his Final Accounts : **15**

Debit Balance	**Amount (Rs.)**	**Credit Balance**	**Amount (Rs.)**
Library books	30,000	Capital	50,000
Office equipments	45,000	Reserve for outstanding	
Office building	75,000	fees (1-4-2014)	16,000
Office expenses	30,000	Bills of fees	1,96,000
Salaries and		Apprentice Premium	
allowances	25,000	(1-4-2014 for two years)	10,000
Bank balance :		Outstanding salary	6,000
Office	18,000		
Clients	12,000		
Cash on hand	3,000		
Debtors for fees	25,000		
Client's sundry			
expenses	15,000		
	2,78,000		**2,78,000**

Additional Information :

(1) Rs. 6,000 fee received in advance from clients is included in bill of fees.

(2) Office expenses of Rs. 1,000 is included in sundry expenses for clients.

(3) Interest is to be counted at 20% on capital.

(4) Depreciate at 10% on library books, office equipment and office building.

OR

2 Ina, Mina and Dika are partners of a solicitor's firm sharing Profit and Loss in the equal ratio. The trial balance of the firm as on 31-3-2015 is as follows. Prepare their Final Accounts. **15**

Debit Balance	Amount (Rs.)	Credit Balance	Amount (Rs.)
Drawing	55,000	Capital	2,40,000
Furniture	40,000	Reserve for	
Motorcar	1,50,000	outstanding fees	
Library books	50,000	(1-4-2014)	27,900
Debtors for fees	90,000	Bills of fees	2,85,000
Bank balance :		Apprentice Premium	
Office	30,550	(1-4-2014 for two years)	10,000
Clients	10,450	Advance received from	
Cash on hand	1,500	clients for expenses	20,000
Motorcar expenses	20,000		
Salaries	75,900		
Office rent	30,000		
Office expenses	29,500		
	5,82,900		**5,82,900**

Additional Information :

(1) Rs. 2,000 spent for clients was wrongly debited to office expenses account.

(2) The ratio of capital of Ina, Mina and Dika are 5:4:3.

(3) The depreciation of Motorcar, Library books and Furniture is 20%, 15% and 10% respectively.

(4) The ratio of drawing of Ina, Mina and Dika are 5:4:2

3 Maruti Stores has a branch at Wankaner. It sends goods at cost price to branch. Branch sells on credit as well as for cash. Branch deposits cash everyday in H.O. A/c. Branch expenditure are paid by H.O. **15**

From the following details prepare Branch Account, Branch Trading Account and Profit and Loss Account and other necessary accounts.

Balance on 1-1-2015 :

Stock	20,000
Debtors	5,000
Furniture	50,000
Petty cash	500

Balance on 31-12-2015 :

Stock	7,000
Petty cash	200

Transactions during the year :

Goods send to branch	3,20,000
Goods returned by branch	20,000
Goods returned by debtors	5,000
Cash received from debtors	80,000
Sale on credit	2,00,000
Cash sales	3,40,000
Discount allowed to debtors	500
Bad debt written off	400

Branch expenses :

Rent 4,000

Salary 12,000

Advertising expenses 3,000

Petty cash sent 700

Goods destroyed in fire 1,200

Calculate depreciation at 20% on furniture.

OR

3 Nayan Traders of Rajkot has an independent branch at Vadodara. The following is the trial balance of the branch as on 31-3-2015 : **15**

Particulars	Debit Balance	Credit Balance
Opening stock of goods	62,500	-
Purchase and sales of goods	2,50,000	5,00,000
Goods received from head office	1,87,500	-
Purchase returns and sales returns	12,500	25,000
Head office account	-	1,25,000
Debtors and creditors	75,000	50,000
Cash and bank balance	62,500	-
Salary	70,000	-
Rent	12,500	-
Discount	10,000	7,500
Freight and carriage	7,500	-
Sundry income	-	42,500
	7,50,000	**7,50,000**

Additional Information :

(1) The closing stock is valued at Rs. 1,25,000.

(2) On 28-3-2015, head office has sent goods worth Rs. 25,000 to the branch, which were received by the branch on 3-4-2015.

(3) On 29-3-2015, the branch has sent cash of Rs. 12,500 to the head office, which was received by the head office on 2-4-2015.

(4) The furniture account of the branch is maintained in the books of head office. Rs. 5,000 is to be written off as depreciation on the furniture of the branch.

From the above information, prepare final accounts of the Vadodara branch.

4 A building of a factory has been replaced. Original cost of which was Rs. 12,00,000. Replacement cost is Rs. 25,47,000. Proportion of material, labour and other expenses in the cost was 5:3:2 respectively. In comparison to original cost material, labour and other expenses increased by 25%, 15% and 10% respectively. Use old material in new building worth Rs. 50,000 and is not included in above cost of Rs. 25,47,000. Scrape material was sold for Rs. 20,000.
Show calculations of revenue and capital expenditure and write journal entries. **10**

OR

4 Discuss in detail types of capital structure. **10**

5 Write short notes : (any **two**) **10**

(1) Importance of capital structure

(2) Factors affecting capital structure

(3) Cost of retained earnings

(4) Average weighted cost of capital.